| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૭ |

**અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, નવરંગપુરા, અમદાવાદ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૬૭૭/૨૦૨૬**
**આંક:**

**અરજદાર :-** **પ્રવિણાબેન મનીષભાઈ રાઠોડ**
ઉ.વ.૪૪, ધંધો-ઘરકામ,
રહે. ડી/૧૦૨, પુષ્પક પ્લેટેનીયમ,
ઈસ્કોન બોપલ રોડ, સેટેલાઈટ,
અમદાવાદ.

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **શ્રી સરકાર**
મારફતે : જીલ્લા સરકારી વકીલશ્રી

**બાબત:-** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ અન્વયે <u>આગોતરા જામીન મેળવવાની અરજી.</u>**

.........................................................................

અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી બી.ડી.પટેલ
સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એ.એમ.ગુલાબાની
મૂળ ફરીયાદી તરફે વિધ્વાન વકીલશ્રી પી.એમ.દેસાઈ

.........................................................................

**- :: ચુકાદો :: -**

૧. આ કામના અરજદારે હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૨ મુજબ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૨૨૬૦૦૫૩/૨૦૨૬, બી.એન.એસ. કલમ- ૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબના ગુન્હાના કામે પોલીસ તેમની અટક કરવા માંગતી હોય, તેથી આ કામે આગોતરા જામીન ઉપર મુકત થવા માટે

કરેલ છે.

૨. સદર અરજી અત્રેની અદાલતમાં દાખલ થતા રજીસ્ટરે લઈ સામાવાળા શ્રીસરકારને નોટિસ કરવામાં આવેલ અને સરકાર તેમજ મૂળ ફરીયાદી તરફે વાંધા સોગંદનામુ રજુ થયેલ છે જે વંચાણે લેવામાં આવ્યા.

૩. અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે અને ખોટી રીતે સદર ગુન્હામાં સંડોવી દીધેલ છે અને ફરીયાદમાં ગુન્હો બન્યાનો સમયગાળો કયાંય લખેલો નથી. સદર ફરીયાદમાં કયાંય અરજદારે કોઈ છેતરપિંડી કરેલાનુ જણાવેલ નથી કે કોઈ લખાણ તેઓએ કરેલ નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદારે એક સરખેજ પોલીસ સ્ટેશનની રજુ કરી છે જેમાં ફરીયાદી તરીકે હાલના અરજદાર છે અને આ કામના ફરીયાદી તેમાં આરોપી તરીકે છે. તેમની ફરીયાદના કાઉન્ટરમાં આ ગુન્હામાં તેમનો કોઈ રોલ ન હોય છતાં તેમની સામે સાવ ખોટી રીતે અરજદારનુ નામ ફરીયાદમાં લખાવી દીધુ છે. વધુમાં જણાવેલ છે કે, આ કામે સીવીલ દાવો પણ પેન્ડીંગ છે, બીલ્ડર તરફથી એલોટમેન્ટ લેટર અપાયેલા છે અને પૈસાની પહોંચો આપેલ છે જે તમામ દસ્તાવેજો જોતા સીવીલ નેચરની તકરાર છે અને તેના માટે સ્પેશીફીક પર્ફોમન્સનો દાવો કરવો પડે તેમ છે તેમજ અરજદાર વિરૂધ્ધ કોઈ ગુન્હો બનતો નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સ્ત્રી વર્ગના છે અને કોઈ આર્થિક લાભ મેળવેલ નથી. અરજદાર/આરોપી કોઈ ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા નથી, જેથી હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા અરજદાર પક્ષે રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રીએ જામીન અરજીનો ભારપૂર્વક વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ તેના પતિ સાથે મળી ફરીયાદી પાસેથી પોતે જાતે થી કુલ રૂા.૩,૧૦,૦૦,૦૦૦/- રોકડમાં મેળવેલ છે તેમજ આરોપીની

ફરીયાદી સાથે થયેલ ચેટ રજુ થયેલ છે તેમાં પણ નાણાંકીય વ્યવવહાર તેમની જાણમાં હોવાનુ ફલિત થાય છે. તેમજ અરજદાર/આરોપીએ સહ આરોપીઓ સાથે મળી ફરીયાદી પાસેથી રૂા.૩,૨૪,૦૦,૦૦૦/- જેટલી માતબર રકમની છેતરપિંડી આચરેલ હોય તેવા સંજોગોમાં આ અરજદારની આ અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. આ કામે મૂળ ફરીયાદીએ હાજર થઇ આંક-૯ થી વાંધા અરજી રજુ કરેલ છે અને તેમાં સદર જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે અને અરજદાર/આરોપી પણ આ ગુન્હામાં સંકળાયેલ હોવાનુ જણાવેલ છે અને ફરીયાદમાં હાલના અરજદારના નામ જોગ ફરીયાદ છે અને તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગુન્હો આચરેલ છે, આ કામના આરોપીઓએ ભેગા મળી લાલચ આપી પૈસા લઇ પ્રોપર્ટી નહી આપી સ્પષ્ટ છેતરપિંડી થયાનુ જણાય છે અને પ્રથમ દર્શનીય કેસ છે. તેથી આગોતરા જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

૬. સદર કામે હાલના અરજદારનો આ ગુન્હામાં રોલ પ્રોસીકયુશનના કેસ મુજબ એવો બતાવેલ છે કે, ફરીયાદીએ તેમને રૂા.૧૦,૦૦,૦૦૦/- આપેલા હતા પરંતુ બચાવ પક્ષનો જે બચાવ છે કે, અમે આ ગુન્હામાં કોઇ રીતે સંડોવાયેલ નથી. કારણકે તેઓએ રૂા.૧૦,૦૦,૦૦૦/- અને અન્ય રકમો મૂળ બીલ્ડરને આપી છે. મૂળ બીલ્ડરે જે તેઓનાને એલોટમેન્ટ લેટરો આપ્યા છે તેઓ જવાબદાર છે, અરજદાર જવાબદાર નથી. આ હકીકતો ધ્યાને લેતાં આ આરોપીએ આ ફરીયાદી સાથે છેતરપિંડી કરવાના ઈરાદે બાકીના આરોપીઓ સાથે મળી કાવતરા રૂપે આ ગુન્હામાં ભાગ લીધો છે કે નહિ તે તપાસ પછી નકકી થાય છે. આ અરજદાર એ સ્ત્રી હોય, તેમના ઉપર તેમના બાળકોની જવાબદારી હોય, તેઓઓ અન્ય કોઇ ગુન્હાહિત ઈતિહાસ પણ ન હોય તેથી માત્ર તેમના આ ગુન્હામાં દર્શાવેલા રોલને જોતા તેમને ગ્ય

જામીન મુક્તિનો લાભ આપવા માટે યોગ્ય કેસ કારણ જણાઈ આવતુ હોય, હવે હાલના આરોપીઓએ કાવતરૂ રચી છેતરપિંડી, વિશ્વાસઘાતના આશયથી કૃત્ય કરેલ છે કે કેમ તે તપાસ પૂરી થાય, ચાર્જશીટ થાય, ટ્રાયલ ચાલે તે સમયનો પ્રશ્ન હોય, રેકર્ડ અને સંજોગો જોતા, બનાવના સ્વરૂપને જોતા, આરોપી સામેના ગુન્હાની મહત્તમ સજાની જોગવાઇ ધ્યાને લેતાં, તેમજ અરજદાર/ આરોપી કેસની ટ્રાયલ સમયે તેઓની હાજરી મળી રહે તે માટે કડક શરતોને આધિન આરોપીને આગોતરા જામીન સવલત આપવા વિવેધબુધ્ધિ ની સત્તા વાપરવા યોગ્ય કેસ જણાતો હોય, હાલના આરોપીને આગોતરા જામીન આપવા યોગ્ય જણાતુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**--: હુ ક મ :--**

૧. ફોજદારી પરચુરણ અરજી (આગોતરા જામીન અરજી) નં. ૬૭૭/૨૦૨૬ ના કામે અરજદાર/આરોપી **પ્રવિણાબેન મનીષભાઈ રાઠોડ** ની આગોતરા જામીન આથી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. પોલીસ ઇન્સ.શ્રી સેટેલાઇટ પોલીસ સ્ટેશનને આથી ડાયરેકશન આપવામાં આવે છે કે, સેટેલાઇટ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૨૨૬૦૦૫૩/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ- ૩૧૬(૨), ૩૧૮(૪), ૫૪ મુજબના ગુન્હાના કામે જો આરોપીની અટક કરવાનો પ્રસંગ બને તો અરજદાર/ આરોપીએ રૂા.૨૫,૦૦૦/- અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરાના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી તાત્કાલિક અસરથી અરજદાર/આરોપીને નીચેની શરતોને આધારે આગોતરા જામીન ઉપર જામીન મુકત કરવા.

**-- <u>શરતો</u> --**

(૧) અરજદાર/આરોપીએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ત.ક. અમલદાર સમક્ષ આ હુકમ જાહેર થયાના ૧૫ દિવસમાં હાજર

થવુ.

(૨) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહેવુ.

(૩) અરજદાર/આરોપીએ તેમની જામીન મુકિતનો કોઇ ગેરલાભ ન લેવો અને અન્ય કોઇ ગુન્હાહિત પ્રવૃત્તિમાં સંડોવાવુ નહી.

(૪) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના કેસને હાનિ પહોંચે તેવુ કોઇ કૃત્ય નહી કરવુ.

(૫) અરજદાર/આરોપીએ ફરીયાદીને કે તેના કોઇ સાક્ષીઓને, પુરાવાઓને ફોડવાનો પ્રયાસ કરવો નહી.

(૬) અરજદાર/આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી.

(૭) અરજદાર/આરોપીએ તેમના કાયમી રહેઠાણના સરનામા મોબાઇલ ફોન નંબર સાથે જામીન આપતી વખતે સંબંધિત પોલીસ સ્ટેશનમાં રજુ કરવા.

(૮) અરજદાર/આરોપી, જો તેઓ પાસપોર્ટ ધરાવતા હોય તો તપાસનીશ અધિકારી સમક્ષ એક અઠવાડિયામાં રજુ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે મતલબનુ સોગંદનામુ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવુ.

હુકમની જાણ કરતી યાદી સંબંધિત અદાલત તથા પોલીસ સ્ટેશનમાં કરવી.

હુકમ, આજ તા. ૧૩ મી, માહે માર્ચ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩/૦૩/૨૦૨૬

**( દીપેન દીલીપકુમાર બુધ્ધદેવ)**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ
Code No. GJ-0612

યુ.એ.પંડયા